EDII

Divya Bhaskar

April 26, 2018
Page No.1
of City Bhaskar

# EDII 7 હજાર યુવાનોને શીખવશે ઉદ્યોગ સાહસિકતા

## કેન્દ્ર સરકાર સાથે મળી EDII આંત્રપ્રિન્યોરશીપ, સ્કિલ ડેવલપમેન્ટ, ટેક્નોલોજી ક્ષેત્રે કામ કરશે

**Entrepreneurship**

સિટીરિપોર્ટર | અમદાવાદ

ભારત સરકારના રાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉદ્યોગસાહસિકતા વિકાસ બોર્ડ (એનએસટીઈડીબી) દ્વારા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) સાથે 3 વીકનો ટ્રેનિંગ પ્રોગ્રામ લોંચ કર્યો છે. જેમાં દેશના 40 જિલ્લાના 7 હજાર યુવાનોને આંત્રપ્રિન્યોરશિપની તાલિમ, સ્કિલ ડેવલપમેન્ટ, ગામડામાં નાના પાયે ચાલતા ઉદ્યોગોને ટેક્નોલોજી અને વિજ્ઞાનની મદદથી ગ્લોબલ પ્લેટફોર્મ પર લઈ જવા માટે કામ કરાશે. જે માટે ગુજરાતના નર્મદા સહિત દેશના 40 જિલ્લાઓની પસંદગી કરાઈ છે. આ પ્રોજેક્ટ અંતગર્ત ઈડીઆઈઆઈની ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભૂમિકા વિશે વાત કરતા ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે, 'અમારો ઉદ્દેશ આ પ્રોજેક્ટ મારફતે ભારતના અંતરિયાળ વિસ્તારોમાં નવા રોજગારદાતાઓ પેદા કરવા માર્ગદર્શન આપવાનો છે. આ યોજનામાં ગામડામાં પાનનો ગલ્લો ચલાવતા વ્યકિતને પણ બિઝનેસને કઈ રીતે ગ્રો કરી શકાય તેનું પાયાનું શિક્ષણ ઈડીઆઈઆઈના એક્સપર્ટ ફેકલ્ટી દ્વારા આપવામાં આવશે.'

### DST પ્રોજેક્ટથી કોને થશે ફાયદો?

40 જિલ્લાઓમાંથી પસંદગી કરાયેલા 7 હજાર યુવાનોને આ યોજનાનો સીધો લાભ મળશે. જેમાં તેઓ ગામડામાં નાના પાયે અને જૂની ઢબથી ચલાવતા લોકોને EDII અને સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના એક્સપર્ટ બિઝનેસના ગ્રોથમાં સાયન્સ અને ટેક્નોલોજીનો ઉપયોગની ટ્રેનિંગ આપશે. EDIIની ભૂમિકા નાના કક્ષાના બિઝનેસને ગ્લોબલ પ્લેટફોર્મ કઈ રીતે લઈ જઈ શકાય જેવી વિવિધ બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરાશે.